# શાળા એક્રેડિટેશન માટેની ઓનલાઈન અરજી કરવાની અગત્યની સૂચનાઓ

આ જાહેરાતના સંદર્ભમાં જે સંસ્થાઓ શાળા એક્રેડિટેશન માટે અરજી કરવાની ઈચ્છા ધરાવતી હોય તે શાળાઓએ https://accreditation.cugujarat.ac.in/યુનિવર્સિટીની વેબસાઈટ પર અરજી કરી તા-26/8/2021 સુધીમાં Online ફોર્મ ભરી અરજીની એક નકલ SPEED POST/RPAD દ્વારા યુનિવર્સિટી ખાતે મોકલવાની રહેશે.

## ઓનલાઈન અરજી કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો

(1) સૌપ્રથમ www.cugujarat.ac.in પર જવું.
(2) ત્યારબાદ તેમાં Accreditation ટેબ પર Click કરવું.
(3) Register પર click કરો.
(4) ત્યાર બાદ જરૂરી વિગતો ટાઈપ કરીને રજીસ્ટર કરો.
(5) Registration થઈ ગયા બાદ તમારા ઈમેઈલ પર આવેલ loginની વિગતો સાથે login કરો.
(6) Login કર્યા બાદ સૌથી પહેલા Registration fee (રૂ-1500/-Non Refundable)નું ઓનલાઈન પેમેન્ટ કરવું.




(7) ત્યાર બાદ Application form પર click કરીને ફોર્મ ભરવું.
(8) Application formની વિગતો ચોકસાઈપૂર્વક ભરવી જ્યાં આકડાકીય માહિતી માંગી હોય ત્યાં માત્ર આંકડાકીય માહિતી લખવી -, No, Nil જેવુ લખવાનું ટાળવું.
(9) ક્રમ નં-1 થી 13 સુધી શાળા વિષયક પ્રાથમિક માહિતી ભરવી.
(10) ક્રમ નંબર-13 1ને 14 માં શાળાના બિલ્ડિંગનું માપ લખવાનું છે.
(11) તમામ વિગતો ભર્યા બાદ નીચે **DECLARATION** ટેબમાં જઈ **Place** અને તારીખ નોધવી ત્યાર બાદ **FINAL SUBMISSION** પર click કરવું.
(12) તમામ વિગતો ભર્યા બાદ નીચે આપેલ **Submit** બટન પર click કરો અને ત્યાર બાદ **Print** કરો.

**(13) <u>અરજી ફી:</u>**

**I.** પ્રત્યેક અરજી સાથે રૂ-1500/- નોંધણી ફી (Registration Fee) ઓનલાઈન ફી ચૂકવી તેની **e-receipt** ની Print અરજીપત્રક સાથે મોકલવાની રહેશે.

**II.** ફી ભર્યા વગરની અરજીઓ રદ થવાને પાત્ર છે online ફી ભરેલ ના હોય તેવી શાળા/સંસ્થાની કોઈપણ સંજોગોમાં હાર્ડકોપી દ્વારા મોકલાવેલ અરજીઓને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**III.** આ ફી માત્ર online જ સ્વીકારવામાં આવશે રોકડ,DD કે અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

**IV.** ફી જમા કરાવવા માટે આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment, અથવા Other payment Mode ના વિકલ્પમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થઈ ગયા બાદ આપની screen પર ફી જમા થઈ ગઈ છે તેવું આવશે તેની e-Receipt ની પ્રિન્ટ લઈ લેવી.

(14) e-receipt તથા confirm થયેલ અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક ડોક્યુમેન્ટ સાથે <u>પ્રતિ, કુલસચિવશ્રી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સેક્ટર-20, ગાંધીનગર, પિન કોડ-382021, ગુજરાત</u>ના સરનામે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

(15) કોઈપણ શાળા/સંસ્થાએ એક્રેડિટેશન માટે એક જ અરજી કરવી. આમ છતાં જો કોઈ સંસ્થાએ એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી confirm થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. સંસ્થા એ એકથી વધુવાર અરજી સાથે ફી ભરેલ હશે તો તે રિફંડ કરવામાં આવશે નહીં.

(16) જો યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ તારીખ સુધીમાં સંપૂર્ણ અરજીપત્રક જરૂરી દસ્તાવેજો સહિત મોકલી આપવામાં નહીં આવે તો ઉમેદવારી રદ કરવામાં આવશે. નિયત તારીખ વીતી ગયા બાદ ખૂટતા દસ્તાવેજો કે નહીં મોકલેલા અરજીપત્રકો બાબતે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં, તથા આવી અરજીઓ રદ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

(17) શાળાઓ/સંસ્થાઓને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમિયાન કોઈ શાળા/સંસ્થા શાળા એક્રેડિટેશનના નિયમો તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ યોગ્યતા ધરાવતી નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબક્કે

રદ કરવામાં આવશે.

(18) લાલ ફુદરડી (*) કરેલી વિગતો ફરજિયાત ભરવાની રહેશે. ‘પ્રાથમિક માહિતી’ માં જ્યાં MOBILE No કે email ID માંગવામાં આવ્યું હોય તે વિગતો ખાસ જણાવવી.

## શાળા એક્રેડિટેશનની પ્રક્રિયા વિષયક સૂચનાઓ

1. જે શાળાઓ/સંસ્થાઓએ એક્રેડિટેશનની પ્રક્રિયા માટે online અરજી કરી હોય તેવી નોધાયેલી શાળાઓના અરજીપત્રકોની ચકાસણી કર્યા પછી જે-તે શાળાઓને એક્રેડિટેશનની પ્રક્રિયા માટે લાયકાત ધરાવે છે કે નહીં તે અંગેની જાણ કરવામાં આવશે.
2. શાળાની નોંધણી થયા પછી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા શાળાના કોઈ એક પ્રતિનિધિને એક દિવસ માટે એક્રેડિટેશનની પ્રક્રિયા વિષે તાલીમ આપવામાં આવશે. આ માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરીથી એક કરતાં વધુ વ્યક્તિને તાલીમ માટે લાવી શકાશે.
3. યુનિવર્સિટી દ્વારા નિયુક્ત થયેલ તજ્જ્ઞોની સમિતિ જ્યારે એક્રેડિટેશનની પ્રક્રિયા માટે સ્થળ પર આવશે ત્યારે તેમની રહેવાની, જમવાની વ્યવસ્થા જે-તે સંસ્થાએ કરવાની રહેશે.
4. TA/DA યુનિવર્સિટીના નિયમો અનુસાર જે-તે શાળાઓએ ચૂકવવાનું રહેશે.
5. School Accreditation કરાવવા માટે શાળાએ ‘સ્વ-અધ્યયન અહેવાલ’ સાથે online રૂ.25000/-ની Processing Fees ભરવાની રહેશે.
6. **‘સ્વ-અધ્યયન અહેવાલ’** ની સાથે ફી ભર્યા અંગેની Receipt સાથે પ્રતિ, કુલસચિવશ્રી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સેક્ટર-20, ગાંધીનગર, પિન કોડ-382021, ગુજરાત ના સરનામે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાનું રહેશે.
7. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલાવેલ કવર પર **‘શાળા એક્રેડિટેશન માટેનું અરજીપત્રક’** એમ સ્પષ્ટ રીતે વંચાય તે રીતે લખવાનું રહેશે.
8. **‘સ્વ-અધ્યયન અહેવાલ’** યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ નિયુક્ત થયેલા તજજ્ઞોની સમિતિ નિયત કરેલ દિવસે સ્થળ મુલાકાત લેશે. જે અંગેની જાણ અગાઉથી કરવામાં આવશે.
9. આ યોજના હેઠળ ગુજરાત રાજ્યની કોઈપણ સરકારી, અનુદાનિત, સ્વ-નિર્ભર શાળાઓ કે જેમાં ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાનું શિક્ષણ આપવામાં આવતું હોય તેવી શાળાઓ એક્રેડિટેશન માટે અરજી કરી શકશે.

વધુ માહિતી માટે ઓફિસ સમય દરમિયાન (રજાના દિવસો સિવાય) નીચેના મોબાઈલ નંબર પર સંપર્ક કરવો મો.નં :9377149258, 9925830324

**કુલસચિવશ્રી,**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર